દૃષ્ટિહીન, અસ્થિ વિષયક, મંદબુધ્ધિવાળા, માનસિક માંદગી તથા બહેરી–મૂંગી વ્યકિતઓને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં પ્રવાસ ભાડામાં રાહત આપવાની યોજનાની સમીક્ષા કરવા બાબત...

ગુજરાત સરકાર
ક્રમાંક:અપગ–૧૦૨૦૦૩–૧૬૬–છ.૧
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
સચિવાલય, ગાંધીનગર.

તા.૨૦.૬.૨૦૦૭

વંચાણમાં લીધા:
(૧) સમાજકલ્યાણ વિભાગનો તા.૧.૭.૯૮ ઠરાવ ક્રમાંક:અપગ–૧૦૯૬–૨૭૯–છ,
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકના તા.૩૦.૫.૨૦૦૬, તા.૧૧.૭.૨૦૦૬ તથા તા.૧૭.૩.૨૦૦૭ના ઠરાવો
(૩) સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં.૯૪૩૮/૨૦૦૭માં નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલા તા.૧૦.૪.૨૦૦૭ના આદેશ
(૪) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો તા.૧૮.૪.૨૦૦૭નો અર્ધ સરકારી પત્ર ક્રમાંક:કમિ/અપંગ/૨૦૦૭–૦૮/૨૦–૨૧
(૫) નિયામક, સમાજ સુરક્ષા ખાતાનો તા.૨૬.૪.૨૦૦૭નો પત્ર ક્રમાંક:અપગ/ કો.મે./૦૭–૦૮/ ૯૭

// <u>પ્રસ્તાવના</u> //

૧. આ વિભાગના ઉપર આમુખમાં ઉલ્લેખાયેલ વિવિધ હુકમોથી વિકલાંગ વ્યકિતઓને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં પ્રવાસ ભાડામાં રાહત આપવા અંગેની નીતિ નકકી કરવામાં આવેલી છે. આ હુકમોની જોગવાઈ અનુસાર **જે વિકલાંગ વ્યકિતઓની વાર્ષિક આવક રૂ.૧.૦૦ લાખ સુધીની હશે તેવી વિકલાંગ વ્યકિતઓને** તથા કેન્દ્ર સરકાર/રાજય સરકાર કે તે હસ્તકના બોર્ડ/કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કે ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં મફત મુસાફરીનો લાભ આપવામાં આવે છે.

૨. રાજય સરકારે આ નીતિ નકકી કરતી વખતે આ અંગેના આનુષંગિક બાબતો, યોજનાના અત્યાર સુધી થયેલ અમલ અંગેની સમીક્ષા તથા આ સંદર્ભમાં રાજય સરકાર સમક્ષ મળેલ વિવિધ રજૂઆતોને અનુલક્ષીને આવી સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નર સાથે સંયુકત બેઠક કરીને જરૂરી ચર્ચા–વિચારણા પણ કરી હતી. આમ છતાં, એક અથવા બીજી રીતે તા.૧.૭.૯૮ના આ વિભાગના ઠરાવથી નકકી કરાયેલ મૂળભૂત નીતિમાં કરવામાં આવેલ ફેરફારોને અનુસંધાને આ બાબતે સરકાર સમક્ષ રજૂઆતો થતી રહેલ છે. આ સંદર્ભમાં અખિલ ગુજરાત વિકલાંગ અધિકાર મંચ તરફથી તા.૨૭.૯.૨૦૦૫ તથા તા.૨૬.૯.૨૦૦૬ની રજૂઆતો ધ્વારા તા.૧.૭.૧૯૯૮ની યોજના મુજબ મળતા

લાભ આપવા અને આવકમર્યાદાનું ધોરણ રદ કરવા કેટલાક વિકલ્પો સાથે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ સંદર્ભમાં અખિલ ગુજરાત વિકલાંગ અધિકાર મંચ ધ્વારા દાખલ કરાયેલ સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં.૯૪૩૮/૨૦૦૭માં નામદાર હાઈકોર્ટે તા.૧૦.૪.૨૦૦૭ના રોજ એવો આદેશ કર્યો હતો કે પીટીશનરોની રજૂઆત પરત્વે સમયમર્યાદાની અંદર જરૂરી વિચારણા કરવી અને તે દરમ્યાન અંધ વ્યક્તિઓને મળતા તા.૧.૭.૧૯૯૮ના ઠરાવની નીતિ મુજબના લાભોમાં વિક્ષેપ કરવો નહી. નામદાર હાઈકોર્ટના આદેશને અનુલક્ષીને રાજય સરકારને મળેલ રજુઆતોના સંદર્ભમાં પ્રવર્તમાન આવકમર્યાદાના ધોરણમાં પછાત વર્ગો માટે ઉન્નત વર્ગો માટે નિયત કરાયેલ આવક મર્યાદાના ધોરણને, અનુરૂપ વધારો કરવાની બાબતની વિચારણા કરી હતી.

// <u>ઠરાવ</u> //

રાજય સરકારે જરૂરી વિચારણા અંતે, આ વિભાગના તા.૧૧.૭.૨૦૦૬ તથા ૧૭.૩.૨૦૦૭ના ઉપર ઉલ્લેખાયેલ ઠરાવોથી નિયત કરાયેલ **રૂ.૧.૦૦ લાખની આવક મર્યાદામાં વધારો કરીને આ આવક મર્યાદાનું ધોરણ રૂ.૨.૫૦ લાખનું કરવાનું** ઠરાવવામાં આવે છે. આ સુધારાને પરિણામે **રૂ.૨.૫૦** લાખની વાર્ષિક આવકમર્યાદામાં આવતાં દ્રષ્ટિહીન, અસ્થિ વિષયક, મંદબુધ્ધિવાળા, માનસિક માંદગી તથા બહેરી-મૂંગી એવી તમામ વિકલાંગ વ્યક્તિઓને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં મફત મુસાફરીનો લાભ મળવાપાત્ર થશે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.

આ હુકમો વિભાગની ફાઈલ ક્રમાંક:અપગ/૧૦૨૦૦૭/૩૭૬/છ.૧ પર નાણાં વિભાગની તા.૧૫.૬.૨૦૦૭ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાએ આ હુકમો સંબંધકર્તા અધિકારીઓના ધ્યાન પર મૂકીને આ હુકમોના ત્વરિત અમલ માટે આનુષંગિક ઘટતી કાર્યવાહી હાથ ધરવાનું જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એમ. પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (×)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/સર્વે માનનીય રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ, 'વાહનવ્યવહાર ભવન', મધ્યસ્થ કાર્યાલય, આસ્ટોડીયા, અમદાવાદ.(×)
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ, 'વાહનવ્યવહાર ભવન', મધ્યસ્થ કાર્યાલય, આસ્ટોડીયા, અમદાવાદ. (×)
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- **નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર... યોગ્ય અમલીકરણ માટે.**
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ. (×)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર. (×)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, બ્લોક નં૭, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (આ અંગે બહોળી પ્રસિધ્ધિ માટે જરૂરી પ્રેસ-નોટ આપવાની વિનંતી સાથે)
- કન્વીનરશ્રી, શ્રી અખિલ ગુજરાત વિકલાંગ અધિકાર મંચ, સ્ટાફ કવાર્ટસ અંધશાળા, ચિતલ રોડ, અમરેલી તરફ જાણ સારુ.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ/'છ.૧' શાખા / 'છ' શાખા
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

(×) ટપાલ મારફત

નં.આપ્રા/ એસ.ટી.મુસાફરી-ડશ/૦૭૦૮/ ૫૬૨૭

નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.

તા.૨૫-૦૬-૨૦૦૭

નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ:
(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
(૨) સંબધિત ફાઈલ